# 21. ભગવાનનો ભાગ

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના એક-બે વક્યોમાં ઉત્તર લખો:

**1) શૈશવમાં કવિ મિત્રો સાથે શેનો ભાગ પાડતાં ?**

- શૈશવમાં કવિ મિત્રો સાથે ચણીબોર, કાતરા, ચીભડાં અને વડના ટેટાના ભાગ પાડતા.

**2) વધારાની ઢગલી કોના માટે રહેતી ?**

- વધારાની ઢગલી ભગવાન માટે રહેતી.

**3) ભગવાન પોતાનો ભાગ ખાવા ક્યારે અને કેવી રીતે આવતા ?**

- ભગવાન પોતાનો ભાગ ખાવા રાતે છાનામાના આવી એનો ભાગ ખાય અર્થાત એના શેષ જીવનમાં તેના હાથે સત્કાર્ય થાય અને અંતે તે ભગવાનમય થઈ જાય.

**4) મોટા થયા પછી શાના શાના ભાગ પાડ્યાં હતા ?**

- મોટા થયા પછી ઘરના, ઘરવખરીના, ગાયના, ભેંસ, બકરીના ભાગ પાડ્યા હતા.

**5) ભગેવાને સપનામાં આવી શું કયું ?**

- ભગવાને સપનામાં આવી કહ્યું : 'લાલ, મારો ભાગ,'

### 2. નીચેના પ્રશ્નોના ત્રણ- ચાર વક્યોમાં ઉત્તર લખો:

**1) બાળપણમાં કવિ મિત્રો સાથે શું શું કરતા હતા ?**

- બાળપણમાં કવિ મિત્રો સાથે મળીને ચણીબોર અને કાતરા વીણતા. કીકની વાડીમાં ઘૂસી ચીભડાં ચોરતા. વડના ટેટા પણ પાડતા. પછી બધા ભાઈબંધો પોતાના ખિસ્સામાંથી આ બધાં ફળો કાઢી તેની ઢગલી કરતા ને સૌના સરખા ભાગડ પાડતાં. આ ભાગ ટીકુનો, આ ભાગ દીપુનો, આ ભાગ ભનિયાનો અમે કનિયાનો એમ કહેતા. છેલ્લે એક વધારાની ઢગલી કરીને કહેતા કે ‘આ ભાગ ભગવાનનો !

## 2) બાળપણમાં અને મોટા થયા પછી પાડવામાં આવેલા ભાગમા6 શો તફાવત છે ?

- બાળપણમાં પાડવામાં આવેલા ભાગમાં એક ભાગ ભગવાન માટે જુદો કાઢતાં. બાળકોને વિશ્વાસ હતો કે ભગવાન આ રીતે છાનામાના આવીને પોતાનો ભાગ ખાઈ લેશે; પરંતુ મોટા થયા પછી ભગવાન ભુલાઈ જાય છે અને ઘરના, ઘરવખરીના, ગાય, ભેંસ, બકરીના ભાગ પાડવામાં કેવળ સ્વાર્થવૃત્તિ જ મહત્વનો ભાગ ભજવે છે. ભગવાનમાં શ્રદ્ધા રહી નથી એટલે ભગવાન માટે ભાગ પાડવાનું યાદ જ આવતું નથી. આમ, બાળપણમાં નિર્દોષતા અને ભગવાનમાં શ્રદ્ધા હોય છે અને મોટપણમાં કેવળ સ્વાર્થવૃત્તિ અને અહંકાર જ હોય છે.

## 3) કવિ ભાગ જુદો કાઢવાનું ચૂકી ગયાં ? શા માટે ?

- કવિ ભગવાનનો ભાગ જુદો કાઢવાનું ચૂકી ગયા, કારણ કે જીવનમાં ઘણુ કમાયા, પુષ્કળ સુખસંપત્તિ, ભોગવિલાસ, સગાંસંબંધીઓ, સાંસારિક પ્રેમ વગેરે મેળવ્યાં, એમાં પોતાની સ્વાર્થવૃત્તિને કારણે ભગવાનનો ભાગ કાઢવો એ રબીશ/ વાહિયાત લાગ્યુ. ભગવન તે વળી કઈ ચીજ છે એવું અભિમાન આવ્યું.

## 4) કવિ પોતાના હાથને 'પાનખરની ડાળી જેવા' શા માટે કહે છે ?

- કવિ પોતાના હાથને 'પાંખરની ડાળી જેવા' કહે છે, કારણ કે આટલી સુખસંપત્તિ હોવા છતાં તેમના હાથે એક પણ સત્કાર્ય થયું જ નથી, આથી સત્કાર્યો વિનાના ખાલી હાથ પાંખરની ડાળી જેવા ઉજ્જડ જ લાગે છે.

## 5) કવિએ ભગવાનને ભાગમં શું આપ્યું ? શા માટે ?

- ભગવાને કવિની ઉજ્જડતાને એક અજાણ્યા મંત્રથી ભરી દીશો. પણ કવિએ પોતાની જિંદગીનાં પચાસ વર્ષ તો ખરચી નાખ્યાં હતાં. ભગવાને તેની પાસેથી તનાં બાકીનાં પચાસ વર્ષ ભાગમાં માગ્યાં અને કવિએ તરત જ ભગવાનના હાથમાં તેમના ભાગનાં પચાસ વર્ષ મૂકી દીધાં. જેથી ભગવાન રાતે છાનામાના આવી એનો ભાગ ખાય અર્થાત એના શેષ જીવનમાં તેના હાથે સત્કાર્ય થાય અને અંતે તે ભગવાનમય થઈ જાય.